# શહેરમાં હળવા વરસાદના પગલે ઠંડક

**શહેરમાં વરસાદી ઝાપટાંથી ઠેર ઠેર પાણી ભરાયાં : બપોરે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઇ પરંતુ થોડીવારમાં ઝાપટું નાંખી વરસાદ અદ્રશ્ય : સાંજે પણ વાદળિયું વાતાવરણ છવાયેલું રહ્યું : માણસામાં ધોધમાર સવા બે ઇંચ વરસ્યો**





ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં આજે લાંબા સમય બાદ વરસાદી માહોલના લીધે નગરજનોમાં મેઘરાજા ધોધમાર વરસશે તેવી આશ બંધાઈ હતી બપોરના સમયે આકાશમાં અંગડાઈ લેતા કાળા ડીબાંગ વાદળોએ મન મુકીને વરસવાનુ મન બનાવી લીધુ હતુ પરંતુ થોડીવાર માટે ભારે ઝાપટુ વરસાવી વરસાદી વાદળો ફરી વિખેરાઈ ગયા હતા. દિવસ દરમિયાન માત્ર ૪ મી મી વરસાદ વરસ્યો હતો જયારે વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં પાણીના ખાબોચિયા ભરાયા હતા સાંજના સમયે પણ વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. માણસામાં દિવસ દરમિયાન ધોધમાર સવા બે ઈંચ વરસાદ વરસ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં ઉઘાડ છવાયેલો રહ્યા બાદ બે ત્રણ દિવસથી વરસાદી વાદળોની અવરજવર જોવા મળી રહી છે. ગઈકાલે પણ પવિત્ર આઠમના દિવસે વરસાદી છાંટણા વરસ્યા હતા જયારે આજે બપોરે અચાનક જ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરવ જોવા મળ્યો હતો.

ગોરંભાયેલા વાદળો ધોધમાર વરસશે તેવી આશ પણ જન્મી હતી જો કે કાળા ડિબાંગ વાદળો થોડીવાર માટે ધોધમાર ઝાપટુ વરસાવી જતા ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોમાં વરસાદી ઝાપટાના લીધે પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા જયારે પલવારમાં જ ભીંજારાના માહોલ સાથે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. બપોરના સમયે મેઘરાજાએ ધોધમાર વરસવાનુ મન બનાવી લીધુ હતુ પરંતુ પલવાર માટે ધોધમાર વરસી વરસાદી વાદળો આકાશમાં અંગડાઈ લઈ વિખેરાઈ ગયા હતા. બપોર બાદ પણ સાંજ સુધી વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. પરંતુ વરસાદ વરસ્યો ન હતો. દિવસના અંતે માત્ર ૪ મી મી વરસાદ નોંધાયો હતો.

દિવસ દરમિયાન શહેર ઉપરાંત ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. માણસામાં સવા બે ઈંચ વરસાદ વરસ્યો હતો જેના લીધે સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. લાંબા સમય બાદ મેઘરાજા મન મુકીને વરસતા ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી.

શહેરમાં મેઘરાજાના મંદ મિજાજ સાથે વાદળિયા વાતાવરણ વચ્ચે રહેણાંક વિસ્તારમાં વરસાદી સમસ્યાઓ ઉભરતી નજરે પડી રહી છે. બીજીતરફ જીવાત અને મચ્છરનો ઉપદ્રવ પણ વધતા ડેન્ગ્યુ મેલેરીયા જેવા રોગચાળાએ જોર પકડયુ છે.

# માણસામાં મેહુલિયો મન મુકી વરસ્યો : ૩ ઈંચ વરસાદ

**ગાંધીનગર, કલોલ અને દહેગામમાં પણ વરસાદી ઝાપટાં, વાતાવરણમાં બદલાવ : સુકાતા પાકને નવજીવન**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં માણસા તાલુકામાં મેહુલિયો મન મુકીને વરસ્યો હતો જયારે ગાંધીનગર, કલોલ અને દહેગામમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા નોંધાયા હતા.

જિલ્લામાં ગઈકાલથી જામેલા વરસાદી માહોલથી ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે તેમજ ખરીફ પાકને નવજીવન મળ્યુ છે.

જિલ્લામાં આજે માણસામાં સવારે ૧૦ વાગ્યાથી વરસાદી માહોલ જામ્યો હતો. ૧૦ થી ૧૨ માં ૩ મી.મી. તેમજ ૧૨ થી ૨ ના ગાળામાં બે ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો. આ પછી ૨ થી ૪ ના ગાળામાં પણ ૧૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. આમ છ કલાકના ગાળામાં જ લગભગ ૩ ઈંચ જેટલો વરસાદ થતાં તાલુકામાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

દહેગામમાં પણ ૧૨ મી.મી. જેટલો વરસાદ આજે નોંધાયો હતો. ગઈકાલે પણ દહેગામમાં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

કલોલમાં ૮ મી.મી. અને ગાંધીનગર તાલુકામાં ૪ મી.મી. વરસાદ આજે સવારે ૬ થી સાંજના ૬ દરમ્યાન નોંધાયો હતો.

જિલ્લામાં બે દિવસથી જામેલા વરસાદી માહોલથી ખેતીને સારો ફાયદો થયો છે તેમજ સુકાતા ખરીફ વાવેતરને નવજીવન મળ્યુ છે. જિલ્લામાં મેઘરાજાના આગમનને કારણે જમીનમાં ભેજ પણ સારો એવો થતાં ઉગાવામાં તેનો ફાયદાઓ જોવા મળશે.

જિલ્લામાં હજુ પણ હળવાથી મધ્યમ વરસાદનું હવામાન-પૂર્વાનુમાન છે. જિલ્લામાં થયેલા વરસાદને કારણે તળાવોમાં પણ નવી નીરની આવક થવા પામી છે. જિલ્લામાં જન્માષ્ટમીથી થયેલા વરસાદને પગલે ખેડૂતોમાં પણ હજુ વરસાદ સારો થશે તેવી આશાઓ વધુ બળવત્તર બની છે. આ વરસાદને પગલે પીવાના પાણીની સમસ્યા તેમજ પશુધન માટેના લીલા ઘાસચારામાં પણ સારી એવી રાહત થશે.

# તહેવારોના દિવસોમાં ગાંધીનગર ડેપોએ ૧૫ લાખની આવક કરી

**રક્ષાબંધનથી સાતમ આઠમના તહેવારોમાં ડેપોએ સોમનાથ, દ્વારકા સહીતના વિવિધ રૂટોમાં વધારાની બસો દોડાવી કોરોના કાળમાં લાંબા સમયના અંતે બસમાં ભીડ જોવા મળી**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં તહેવારોના દિવસોમાં રોનક જોવા મળી રહી છે. રક્ષાબંધનથી ડેપો સંકુલમાં સતત ભીડના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. એકબાજુ કોવિડનુ સંક્રમણ પણ ઘટતા નાગરિકો હવે સલામત સવારીનો ઉપયોગ વિશેષ કરી રહ્યા છે. ત્યારે તહેવારોના દિવસોમાં પણ એસ ટી તંત્ર દ્વારા મુસાફરોની હાલાકી નિવારવા માટે વધારાની બસો દોડવામાં આવી રહી છે. રક્ષાબંધનથી સાતમ આઠમના પર્વો દરમિયાન ગાંધીનગર ડેપોએ દ્વારકા સોમનાથ સહીતના વિવિધ રૂટોમાં વધારાની બસો દોડાવી અંદાજિત રૂ ૧૫ લાખની આવક મેળવી છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા તહેવારોના દિવસોમાં વધારાની બસો દોડાવામાં આવે છે. છેલ્લા દોઢ વર્ષથી કોવિડના કહેરના લીધે આમ પણ એસ ટી બસ સેવા પર વિપરિત અસર થઈ છે. એસ ટી ની આવકમાં પણ ધરખમ ઘટાડો થયો છે. બીજી લહેરના અંતે હાલ રાજયમાં કોવિડના કેસમાં સતત ઘટાડો નોંધાતા તહેવારોના દિવસોમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વેક્સિનેશન હેઠળ ૨૪ હજારથી વધુને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના પ્રતિકાર માટે આરંભાયેલ વેક્સિનેશન અભિયાનમાં આજે ૨૪ હજારથી વધુ લોકોને આવરી લઈ એક નવો જ વિક્રમ આરોગ્યતંત્રએ સર્જ્યો છે.

૧૬મી જાન્યુઆરીથી શરૂ થયેલા આ વેક્સિનેશન અભિયાનમાં આજે સૌથી વધુ લોકોને આ અભિયાન અંતર્ગત આવરી લઈ વેક્સિનેશનના મહા મંગળવારની ઉજવણી તંત્રએ કરી છે.

આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ જેટલી સેશન સાઈટો પર ૨૦,૭૨૮ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. આ સાથે જિલ્લાના ૧૮૮ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮ લાખથી વધુ લોકોને આ અભિયાનમાં આવરી લેવાયાનું પણ તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના મુખ્ય સચિવ તરીકે પદભાર સંભાળતા પંકજ કુમાર

**વયનિવૃત્ત થતા મુખ્યસચિવ અનિલ મુકિમનો વિદાય સમારંભ યોજાયો**



ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત રાજયના મુખ્ય સચિવ તરીકે ૧૯૮૬ બેચના પંકજ કુમારની નિયુક્તિ થતાં તેમણે આજે મુખ્યસચિવ તરીકેનો પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે રાજયના વયનિવૃત્ત થતા મુખ્યસચિવ અનિલ મુકિમનો વિદાય સમારંભ પણ યોજાયો હતો.

રાજયના નવનિયુકત મુખ્યસચિવ પંકજ કુમારે વયનિવૃત્ત થતા મુખ્યસચિવ અનિલ મુકિમને નિવૃત્ત જીવન માટેની શુભેચ્છાઓ આપી હતી. પ્રગતિશીલ ગુજરાતના પ્રણેતા

● અનુસંધાન પાન-૭ પર



શહેરના સે-૨૧ માં છેલ્લા ઘણાં સમયથી પાર્કીંગ વ્યવસ્થા ખાડે ગઈ છે. સેકટરમાં પાર્કીંગની સુવિધાના અભાવ વચ્ચે રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. જેના લીધે મુલાકાતીઓની મુંઝવણ વધી છે. ત્યારે પાર્કીંગ તૈયાર કરવાની કામગીરી પણ મંદ ગતિએ થઈ રહી છે. પાર્કીંગ પ્લેસ પર મોટા સળિયા પણ વાહનચાલકો માટે જોખમી બન્યા છે. આ જોખમ નિવારવા માટે આડશ પણ મુકવામાં આવતી નથી જેના લીધે ગમે ત્યારે અકસ્માત થાય તેવી દહેશત છે.

# સેકટરોમાં નવી ગટર લાઈનના આયોજનના લીધે માર્ગ સુધારણાનુ કામ વિલંબમાં

**એકબાજુ નવી લાઇન નાંખવા માટે આયોજન કરવામાં આવ્યુ છે જયારે ખોદકામના લીધે માર્ગોની હાલત વધુ ખરાબ થાય તેવી સ્થિતિ તંત્રએ માર્ગદર્શન મેળવવા માટે વિભાગને પત્ર લખ્યો**

ગાંધીનગર તા ૩૧

શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી અને ગટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જયારે નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ખોદકામ કરવામાં આવશે જેના લીધે હાલ સેકટરોમાં માર્ગ સુધારણાના કામો હાથ ધરવાનુ મુશ્કેલ બન્યુ છે. આ સ્થિતિ વચ્ચે તંત્રએ માર્ગ મકાન વિભાગને આ મામલે પત્ર લખ્યો છે. જયારે નવી લાઈન નાંખવાની કામગીરી પણ ટુંકમાં શરૂ કરાશે જેના લીધે માર્ગ સુધારણાની કામગીરી વિલંબમાં થશે.

શહેરમાં પાણી ગટર લાઈનની કામગીરી ટુંકમાં શરૂ કરવામાં આવનાર છે. સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે શહેરમાં દાયકાઓ જુની પાણી અને ગટરની લાઈન નવી નાંખવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટેનુ કામ પણ શરૂ કરી દેવાશે. જેને અનુલક્ષી સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી વિલંબમાં પડે તેવી સ્થિતિ છે. ગટર લાઈનમાં ખોદકામ દરમિયાન સેકટરોના આંતરિક માર્ગોને પણ નુકશાન થવાની સંભાવના છે. અગાઉ કોર્પોરેશન દ્વારા સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી અન્વયે આડેધડ ખોદકામ કરવામાં આવ્યુ હતુ જેના લીધે માર્ગો પર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરી દરમિયાન ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા રહીશો માટે વરસાદી દિવસોમાં પણ ભયજનક સ્થિતિ ઉભી થઈ હતી માટી પોલાણ થવાના લીધે જોખમી સ્થિતિથી સ્થાનિકો તોબા પોકારી ગયા હતા. જયારે ગટર લાઈન અન્વયે પણ આગામી દિવસોમાં તમામ સેકટરોમાં ખોદકામ કરવામાં આવશે. જો કે આ કામગીરી હાથ ધરવા માટે યોગ્ય અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ આ દરમિયાન માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવાનુ પણ મુશ્કેલ છે. એકબાજુ માર્ગોનુ નવિનીકરણ કરવાનુ કામ પુર્ણ થયા બાદ નવી ગટર લાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવે તો પણ માર્ગોને નુકશાન થવાની સંભાવના છે.

આ સ્થિતિને અનુલક્ષી તંત્ર દ્વારા પણ વિભાગનુ માર્ગદર્શન મેળવવા માટે પત્ર લખવામાં આવ્યો છે. સે-૨૮ અને સે-૨૯ માં માર્ગ સુધારણાની કામગીરી મંજુર થઈ ગઈ છે. સેકટરોના ખાનગી રહેણાંક વિસ્તારમાં માર્ગોનુ પેવરકામ હાથ ધરવા માટે અંદાજિત રૂ ૩.૫ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે દિવાળી પુર્વે કામ શરૂ કરી દેવાનુ આયોજન પણ કરાયુ છે. પરંતુ ગટરલાઈનની કામગીરીને અનુલક્ષી માર્ગ સુધારણાનુ કામ વિલંબમાં પડે તેવી સ્થિતિ છે.

# રાજયમાં ઓગસ્ટ માસ દરમિયાન ૧.૩૪ કરોડનું વિક્રમજનક વેક્સિનેશન

ગાંધીનગર, તા.૩૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે કોરોના વેક્સિન ઝૂંબેશ વેગવંતી બનાવી ઓગસ્ટ માસ દરમિયાન વેક્સિનના ૧ કરોડ ૩૪ લાખ ડોઝ આપવાની આગવી સિદ્ધિ મેળવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં કોરોના વેક્સિનેશન અભિયાનને વધું વ્યાપક બનાવી ઓગસ્ટ મહિના દરમિયાન સમગ્ર રાજયમાં વેક્સિનના ૧ કરોડ ડોઝ અપવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. જેની સામે ૧ કરોડ ૩૪ લાખ ડોઝ આપવાની વિક્રમજનક કામગીરી કરવામાં આવી છે. રાજયમાં ૩૧ ઓગસ્ટ મંગળવારે એક જ દિવસમાં સમગ્ર રાજયમાં ૮ લાખથી વધુ રસીના ડોઝ અપાયા છે.

આમ રાજયમાં એક જ દિવસમાં સૌથી વધુ રસીના ડોઝની આપવાનો વિક્રમ સર્જાયો છે.

ૐ
પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥



સ્વ. ભરતભાઇ (રાજુભાઇ) હરિભાઇ પટેલ (ઇસનપુર મોટા)
ચીફ એડવાઇઝર (વિવેકાનંદ એકેડમી)
સ્વ. તા. ૩૧/૦૮/૨૦૨૦
શિક્ષણને સુગંધ બનાવી સર્વત્ર પ્રસરાવી ગયા, પરિવારને પ્રેમ આપી મંદિર બનાવી ગયા
ધર્મને જીવન સમજાવી જીવનદર્શક બનાવી ગયા
સ્નેહને શક્તિ આપી સૌના હૃદયમાં સમાવી ગયા
એવા વિદ્યાર્થીઓના જીવનઘડતરના પ્રેરણાસ્રોત દિવ્ય આત્માને
પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ સ્મરણાંજલિ
પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના..
લિ.
વિવેકાનંદ એકેડમી પરિવાર, ગાંધીનગર.
વિવેકાનંદ સંસ્કાર તપોવન, સેક્ટર-૧૭

# ઉમરગામમાં આભ ફાટ્યું : ૧૨ ઈંચ વરસાદ

**અધિકારીઓને હેડ ક્વાર્ટર ન છોડવા સૂચના આપવામાં આવી છે, તંત્રએ પોતાની તમામ મશીનરી રાહત અને બચાવ કામગીરીમાં લગાવી દીધી છે**

વલસાડ,તા.૩૧

વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે સૌથી વધુ વરસાદ ઉમરગામ તાલુકાના ૯ ગામોમાં ૩૬૬ લોકોને શેલ્ટર હોમમાં સ્થળાંતર કરવામાં આવ્યા, હજુ સ્થળાંતર માટે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. જિલ્લાનું વહીવટી તંત્ર એલર્ટ છે. અધિકારીઓને હેડ ક્વાર્ટર ન છોડવા સૂચના આપવામાં આવી છે. તંત્રએ પોતાની તમામ મશીનરી રાહત અને બચાવકામગીરીમાં લગાવી દીધી છે. વલસાડ જિલ્લામાં હવામાન વિભાગની આગાહીને લઈને સોમવારે મોડી રાત્રિથી ગાજ વીજ સાથે જિલ્લાના તમામ તાલુકામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાનું વહીવટી તંત્ર હવામાન વિભાગના એલર્ટ થઈ ગયું હતું.



જિલ્લાના તમામ અધિકારીઓને હેડ ક્વાર્ટર ન છોડવા સૂચના આપવામાં આવી છે. મંગળવારે વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પડેલા ૧૦ ઈંચ વરસાદને લઈને ઉમરગામ તાલુકાના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. ઉમરગામ તાલુકાના સંજાણ, ફણસા, કરમબેલી, બિલિયા, ગોવાડા, ડહેલી માંડા, ખતલવાડા અને કલગામ સહિત ૯ ગામોમાં અસર ગ્રસ્ત વિસ્તારોમાં ૩૬૬ લોકોનું સ્થાનિક વહીવટી તંત્રએ નજીકના શેલ્ટર હોમમાં સ્થળાંતર કરવામાં આવ્યું છે. જિલ્લાનું વહીવટી તંત્ર દરેક પરિસ્થિતિને પહોંચી વળવા સાતર્ક છે. સ્થાનિક લોકોને જિલ્લા કલેક્ટરે સ્થાનિક લોકોને સમય સંજોગોને લઈને સ્થળાંતર થવા અંગે સૂચના આપવામાં આવે ત્યારે તાત્કાલિક સ્થળાંતર થવા માટે વિનંતી કરવામાં આવી છે. જેતે વિસ્તારોમાં પાણી ઉતરી ગયા બાદ સ્થળાંતર થયેલા લોકોને ઘરે પરત મોકલી આપવામાં આવે છે. ઉમરગામ તાલુકાના અધિકારીઓ વરસાદી પાણી નિકાલની વ્યવસ્થા કરવા જોતરાઈ ગયા છે. અત્રે નોંધનીય છે કે, વલસાડ જિલ્લામાં જન્માષ્ટમીની રાત્રે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. વલસાડ જિલ્લામાં રાત્રે ૨ વાગ્યાથી શરૂ થયેલ મેઘમહેર બીજા દિવસે બપોર સુધી યથાવત્ત રહી હતી. ૧૨ કલાકમાં જિલ્લામાં સૌથી વધારે ઉમરગામ તાલુકામાં ૧૨ ઈંચ, વાપીમાં ૬ ઈંચ, પારડીમાં ૨ ઈંચ, કપરાડામાં ૩ ઈંચ અને વલસાડમાં પોણા બે ઈંચ વરસાદ પડી ચુક્યો છે. ખેડૂતો આ વરસાદથી ખુબ જ ખુશ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com